દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

શુક્રવાર ૧૦ મે, ૨૦૨૪

# આગામી છ વર્ષમાં પુટિન વધુ આક્રમક બનશે કે ઢીલા પડી જશે?

વ્લાદીમીર પુટિને મંગળવારે ક્રેમલિનમાં યોજાયેલા ઝળહળાટભર્યા શપથવિધિ સમારંભમાં રશિયન પ્રમુખ તરીકેની પોતાની પાંચમી ટર્મ શરૂ કરી. આમ તો તેઓ માર્ચમાં પ્રમુખપદે ચૂંટાઇ આવ્યા હતા પણ નવી ટર્મ માટે તેમની શપથવિધિ હમણા થઇ છે. માર્ચમાં તેઓ જે ચૂંટણીમાં મોટી બહુમતિથી જીત્યા તે ચૂંટણીને અમેરિકા સહિતના પશ્ચિમી દેશો તથા અનેક વિશ્લેષણો ફારસરૂપ ગણાવતા હતા અને તેમનો આ આક્ષેપ સાચો પણ લાગે જ છે. પોતાના રાજકીય હરીફોને કચડી નાખ્યા બાદ વધુ છ વર્ષ માટે તેમણે શાસન પર કબજો જમાવ્યો છે. હવે તેઓ ૨૦૩૦ના વર્ષ સુધી પ્રમુખપદે રહી શકશે કારણ કે રશિયામાં પ્રમુખની ટર્મ છ વર્ષની હોય છે. પુટિન હાલમાં ૭૦ની વય વટાવી ચુક્યા છે. તેમના આરોગ્ય અંગે કેટલીક અટકળો અને અફવાઓ સમયાંતરે ચાલતી રહે છે છતાં વ્યાયામ અને સ્પોર્ટ્સના શોખીન એવા પુટિન જાહેરમાં તો ફીટ અને તંદુરસ્ત દેખાય છે એટલે બીજા છ વર્ષ તો તેઓ આરામથી શાસન કરી શકશે એમ હાલ તો લાગે છે. માથાભારે અને ખેપાની પુટિન હવે બીજા છ વર્ષ સુધી પશ્ચિમી દેશોને હંફાવશે એમ કહી શકાય. બની શકે કે તેઓ હવે વધુ ઉગ્ર અને આક્રમક બને.

પા સદી જેટલા સમયથી સત્તામાં એવા પુટિન જોસેફ સ્ટાલિન પછી ક્રેમલિનના સૌથી લાંબો સમય હોદ્દા પર રહેનાર નેતા રહ્યા છે. પુટિનની નવી ટર્મ ૨૦૩૦ સુધી પુરી થશે નહીં, અને ૨૦૩૦માં પણ તેઓ બંધારણીય રીતે આગળ શાસન ચલાવવા માટે લાયક હશે. ક્રેમલિન પેલેસમાં યોજાયેલ ભવ્ય સમારંભમાં પુટિને પોતાનો હાથ રશિયન બંધારણ પર મૂક્યો હતો અને તેનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. તે સમારંભમાં ખાસ આમંત્રિત મહાનુભાવોની ભીડ હાજર હતી. આ શપથવિધિ પછી પુટિનને રશિયન પર વધુ છ વર્ષ માટે એકહથ્થુ શાસન કરવાનું જાણે લાયસન્સ મળી ગયું છે. ૧૯૯૯માં પ્રમુખ બોરિસ યેલત્સિનના અનુગામી બન્યા પછી પુટિને રશિયાને એક ભાંગી પડેલા અર્થતંત્રમાંથી તેને આંતરરાષ્ટ્રીય રીતે એક અલાયદા દેશમાં ફેરવી નાખ્યો હતો જે લશ્કરી દષ્ટિએ મજબૂત બનવાની સાથે વૈશ્વિક સુરક્ષા માટે ભય ઉભો કરે તેવો દેશ બની ગયો છે. પુટિને ૨૦૨૨માં યુક્રેન પર આક્રમણ કર્યું જે બીજા વિશ્વ યુદ્ધ પછી યુરોપનું સૌથી મોટું યુદ્ધ બની ગયું છે. આ યુદ્ધને પગલે પશ્ચિમી દેશોએ રશિયા પર ભારે પ્રતિબંધો લાદ્યા જેને



પગલે તેણે ટેકા માટે અન્ય સત્તાઓ જેમ કે ચીન, ઇરાન અને ઉત્તર કોરિયા તરફ વળવું પડ્યું. હજારો લોકોના જીવ ગયા પછી યુક્રેનમાં યુદ્ધ હજી ચાલુ જ છે અને ક્યાં સુધી ચાલશે તે હાલ કહી શકાય તેમ નથી.

હવે પ્રશ્ન એ છે કે ૭૧ વર્ષના પુટિન અન્ય છ વર્ષમાં શું કરશે? ઘરઆંગણે અને વિદેશોમાં - બંને મોરચે તેઓ શું કરશે તે એક પ્રશ્ન છે. માર્ચ મહિનામાં તેઓ પ્રમુખપદે ફરી ચૂંટાઇ આવ્યા તે પછી પુટિને સંકેત આપી જ દીધો હતો કે નાટો અને રશિયા વચ્ચે સંઘર્ષ શક્ય છે અને તેમણે સરહદ પરના હુમલાઓથી પોતાના દેશની બચાવવા યુક્રેનાં એક બફર ઝોન રચવાની વાત પણ કરી છે. વિશ્લેષકો કહે છે કે હવે પુટિને સત્તા માટે વધુ છ વર્ષ મેળવી લીધા છે ત્યારે તેમની સરકાર કેટલાક બિનલોકપ્રિય પગલાઓ પણ ભરી શકે છે જેમ કે યુદ્ધ માટે ભંડોળ પુરુ પાડવા કરવેરા વધારવા અને વધુ પુરુષોને લશ્કરમાં જોડાવા માટે દબાણ કરવું. પુટિન જો કે યુક્રેન યુદ્ધની બાબતમાં પોતાના દેશના પણ એક મોટા વર્ગમાં અળખામણા તો બન્યા જ છે તે તેમની સામે રશિયામાં જ થયેલા યુદ્ધ વિરોધી દેખાવો પરથી પુરવાર થાય છે. પુટિન મોટી બહુમતિથી ચૂંટણી જીત્યા છે તે તેમની લોકપ્રિયતાનું માપ નથી કારણ કે આ આખી ચૂંટણી જ શંકાસ્પદ હતી. જો કે તેઓ પ્રજામતને કચડી સહેલાઇથી કચડી શકે છે, તેમના અનેક વિરોધીઓ ક્યાં તો જેલમાં છે અથવા દેશ છોડીને ભાગી ગયા છે. તેમના એક કટ્ટર વિરોધી એલેક્સી નવલાનીનું હાલ કેટલાક મહિનાઓ પહેલા જેલમાં મૃત્યુ થયું છે. જો કે દમનનીતિ હંમેશ માટે ચાલી શકે નહીં, ક્યારેક આવી નીતિ મોટો બળવો નોંતરી શકે છે. હવે આગામી છ વર્ષમાં રશિયામાં શું થાય છે તે જોવાનું રહે છે.

## ‘હું મજામાં છું’ ની પાછળ

આપણો ગુજરાતીઓનો એક પ્રશ્ન છે, જે આપણે જેને મળીએ તેને પૂછીએ છીએ અને બધાને પૂછીએ છીએ.બધા નોન ગુજરાતીઓને પણ આ પ્રશ્ન પૂછવા જેટલું ગુજરાતી બોલતાં આવડે જ છે.તમે સમજી જ ગયા હશો, કયા પ્રશ્નની વાત કરું છું.ચાલો, હજી બે હીન્ટ આપું.એક --- બે શબ્દોનો જ પ્રશ્ન છે ...બીજી તેનો જવાબ કોઈને પણ પૂછો, બધા એક જ આપે છે.બરાબર.પ્રશ્ન છે - ‘કેમ છો?’ અને બધાનો જવાબ છે - ‘મજામાં છું.કોઇ તમને પૂછશે કેમ છો? તમે જવાબ આપશો ‘હું મજામાં છું’ અને તમે કોઈને પૂછશો ‘કેમ છો?’ તો જવાબ મળશે ‘મજામાં છું.’

આ આપણી ઓળખ.આપણી પરંપરા પડી ગઈ છે.સવાલ પણ આ નક્કી અને જવાબ પણ નક્કી.

ચાલો, આ સવાલની પાછળ અને જવાબની પાછળ શું છુપાયેલું છે તે વિચારીએ અને સમજીએ.જેટલાં લોકો પૂછે છે કે કેમ છો? તેમાં સાચી ચિંતા ભાગ્યે જ હોય છે.મોટે ભાગે એક ફોર્માલીટી ..વાત કરવાની શરૂઆત ...કે એક

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

આદત જ રહેલી છે.કોઈક જ હિતેચ્છુ બનીને ચિંતા કરીને પૂછે છે અને એથીએ આગળ વધીએ તો જેને સાચી ચિંતા હોય છે તેને ‘કેમ છો ?’ પૂછવાની જરૂર જ રહેતી નથી. સાચાં સ્વજનો એકમેકના મનની સ્થિતિ અને જીવનની પરિસ્થિતિથી અજાણ હોતાં જ નથી. ‘ કેમ છો?’ નો જવાબ છે મજામાં છું.તેની પાછળ પણ ઘણું છુપાયેલું છે.આ બે શબ્દના સવાલ અને જવાબનું પૃથક્કરણ કરીએ તો તેમાં ઘણું ન કહેવાયેલું ..ન બોલાયેલું ..ન જીવાયેલું જોવા મળે ...હોઠો પર મજામાં છું અને દિલમાં અનેક ગમ છુપાયેલા મળે...જે સ્થિતિમાં છો અને કહો છો મજામાં છો ...આવું જીવન અને સ્થિતિ ક્યારેય ન કલ્પેલી હોઈ શકે ..અનેક મરી ગયેલી કે દબાઈ ગયેલી ઇચ્છાઓ ...અને ન પૂરાં કરી શકાયેલાં સપનાંઓ તેની પાછળ સંતાયેલાં મળે.પણ તેની ઉપર છે આ ‘મજામાં છું ‘શબ્દોની ખુમારી ...આ શબ્દોની સકારાત્મકતા... સંજોગો કેવા પણ હોય, પણ ‘હું તો મજામાં છું.’ આ તાકાત આપણા બધાની અંદર છે જ અને આપણી ઓળખ છે. જવાબમાં સકારાત્મકતાની ચમક છે તે બધું ભૂલીને હંમેશા ચમકતી રહે છે અને આપણને હસતા મોઢે ..ચમકતા ચહેરે બોલાવે છે ‘હું મજામાં છું.’ બસ ‘કેમ છો?’ દિલથી કાળજીથી પૂછતાં રહીએ અને હસતા ચહેરે કહેતાં રહીએ ‘હું મજામાં છું.’

# ચૂંટણીમાં બેરોજગારી રાષ્ટ્રીય મુદ્દો કેમ નથી?

**કહેવાની વાત**

**નેહા શાહ**

18મી લોકસભાની ચૂંટણી શરૂ થઈ એ પહેલાં લોકનીતિ સંસ્થાએ લોકોને મહત્ત્વના લાગતા મુદ્દાઓ અંગે એક સર્વે કર્યો, જેમાં સૌથી વધુ લોકોએ બેરોજગારીને સૌથી અગત્યનો પ્રશ્ન ગણાવ્યો. યુવાનોમાં બેરોજગારીનું પ્રમાણ ખૂબ જ ચિંતાજનક રીતે ઊંચું છે. ખાસ કરીને શિક્ષિત યુવાનોમાં. ઈન્ડિયા એમ્પ્લોયમેંટ રિપોર્ટ 2024 મુજબ ગ્રેજ્યુએટ થયેલાં યુવાનોમાંથી લગભગ 28 ટકા બેરોજગાર છે ! અથવા જે કામ કરે છે તે તેમની શૈક્ષણિક લાયકાતને યોગ્ય નથી ! 2021માં સરકારી ઓફિસમાં પટાવાળાની 62 જગ્યાની જાહેરાત થઈ જે માટે 93,000 લોકોએ અરજી કરી જેમાં 5000 ગ્રેજ્યુએટ, 28,000 પોસ્ટ ગ્રેજ્યુએટ અને 3700 પી.એચ.ડી થયેલાં હતાં! આજે કામની જે તકો ઊભી થાય છે તેમાં સૌથી વધુ અનૌપચારિક પ્રકારની છે જેમાં કામના કલાકો લાંબા છે, વળતર ઓછું છે અને સામાજિક સુરક્ષાનો અભાવ છે. બેરોજગારીનો પ્રશ્ન ગંભીર છે અને એનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું છે. ઉત્પાદન વધારવા માટે મૂડીનો વધુ ઉપયોગ કરવાનું ચલણ તો આઝાદી પછી રહ્યું જ છે, પણ ઉદારીકરણના તબક્કા પછી વધેલી આવક અને રોકાણલાયક બચતના પરિણામે મૂડી પ્રમાણમાં સસ્તી થઈ. વળી, ફોરેન ઈન્વેસ્ટમેન્ટ માટે પણ દરવાજા ખૂલી જવાથી મૂડીનો પુરવઠો વધ્યો. સાથે સાથે મૂડીપ્રધાન ટેક્નોલોજી પણ સરળતાથી મળતી થઈ. એની સામે મજૂરને આપવા પડતાં મૂળભૂત હક મોંઘા પડે છે. આર્થિક વૃદ્ધિમાં મૂડીનું યોગદાન વધારે અને શ્રમ યોગદાન ઓછું થતું ગયું છે.

રાષ્ટ્રીય કક્ષાના બંને પક્ષ - ભાજપ અને કોંગ્રેસ રોજગારની વાત કરે તો છે કારણ કે એ વિના એમનો છૂટકો નથી. પણ બંનેના ચૂંટણી ઢંઢેરામાં રોજગારની વાત ઠાલા વચન સિવાય કશું વિશેષ લાગતી નથી. “સત્તામાં આવીશું તો નોકરી આપીશું” એવું બોલવાથી નોકરી ઊભી થતી નથી. એ માટેના રોડ મેપની વાત કોઈ વિગતે નથી કરતું. સ્ટાર્ટ અપને ટેકો આપવાથી ધંધામાં નવીનતા જરૂર આવશે, પણ જ્યારે માંડ 10 ટકા સ્ટાર્ટઅપ લાંબુ ટકતા હોય ત્યારે તેમને રોજગારના વિકલ્પ તરીકે જોઈ શકાય નહીં. એ માટે તો આર્થિક પ્રવૃત્તિઓનું માળખું જ રોજગારલક્ષી બનાવવું પડે. શ્રમશક્તિને મહત્ત્વ આપવું પડે. પણ, અત્યારે પરિસ્થિતિ એ છે કે જો એ અંગે જો કોઈ બોલે તો મોટો રાજકીય વિવાદ ઊભો થઈ જાય, જે બન્નેમાંથી એકેય પક્ષને પરવડે એમ નથી.

માળખાકીય ફેરફાર તો દૂરની વાત છે. વર્તમાન સમયમાં સરકારી નોકરીમાં જ લાખો જગ્યા ખાલી પડી છે જ્યાં ભરતીની પ્રક્રિયા હાથ પર લેવામાં વિલંબ જ થયા કરે છે. માત્ર કેન્દ્ર સરકારમાં જ 9.5 લાખ જેટલી જગ્યા ખાલી પડી છે. ભરતી કરવાની કોઈને ચિંતા પણ હોય એવું દેખાતું નથી. પાછલાં વર્ષોમાં, કોવિડનું એક વર્ષ છોડીને, મનરેગાને ફાળવાતું બજેટ ક્યાં તો ઘટ્યું છે અથવા સ્થગિત રહ્યું છે, જેની સામે મનરેગામાં થકી નોકરીની માંગ કોવિડ પહેલાંનાં વર્ષો કરતાં વધુ છે.

નોકરીઓની અછત વચ્ચે સ્વરોજગારમાં આશા દેખાય. સ્વરોજગારની તકો ઊભી કરવાની શકયતા શિક્ષણની ગુણવત્તા સીધો સંબંધ છે. ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ નાટકીય રીતે વધ્યું છે. વર્તમાન સરકાર પોતાની સફળતા ગણાવતી વખતે યુનિવર્સિટીની વધેલી સંખ્યા વારંવાર ગણાવે છે. અહીં જોવાનું એ છે કે નવી શરૂ થયેલી યુનિવર્સિટીમાંથી મોટા ભાગની ખાનગી યુનિવર્સિટી છે. જેમને માટે આ નફો કમાવી આપનારો વ્યવસાય છે. નફો એટલે વધુ આવક અને ઓછો ખર્ચ - આ સીધું અને સરળ ગણિત શિક્ષણના વેપારમાં પણ લાગુ પડે છે. શિક્ષણ એક ઉમદા કાર્ય હોવાથી વેપારના તર્કમાં કોઈ ફેરફાર આવતો નથી. વિદ્યાર્થી દીઠ શિક્ષકોનું નીચું પ્રમાણ, શિક્ષકોની નબળી ગુણવત્તા, મર્યાદિત પુસ્તકો અને વિદ્યાર્થીને ઉપલબ્ધ કરાવી શકાય એવાં મર્યાદિત સંસાધનો. આ બધા સાથે નવીનતા વગરની શૈક્ષણિક પધ્ધતિ. આ સંસ્થાઓ ઊંચી ફી વસૂલ્યા છતાં વિદ્યાર્થીને રોજગાર માટે સક્ષમ બનાવી શકતી નથી. હાલમાં નોઇડા સ્થિત ખાનગી સંસ્થા - ગલગોટિયા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનો જે વિડીયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો તે આપના વર્તમાન શિક્ષણની ગુણવત્તા વિષે ઘણું કહી જાય છે. આ વિદ્યાર્થીઓ કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરામાં રજૂ કરેલી નીતિનો વિરોધ કરવા આવ્યા હતા. દેખીતું હતું કે એમને કોઈ લાલચ આપીને ત્યાં મોકલવામાં આવ્યા હતા . પણ, એ ચિંતાનો વિષય નથી - દરેક પક્ષ વર્ષોથી ભાડૂતી પ્રેક્ષકો લાવે છે. ચિંતાનો વિષય એ છે કે તેઓ પોતે જાણતા જ નો’તા કે તેઓ શાનો વિરોધ કરી રહ્યા છે ! પોતે પકડેલા પ્લેકાર્ડ ઉપર લખેલા શબ્દો પણ આસાનીથી વાંચી શકતા ન હતા. કહો, આવા શિક્ષિત યુવા ધનને ક્યાં નોકરી મળે?

એક વિષચક્ર ઊભું થયું છે. નોકરીની અછતને કારણે યુવાનો ઉચ્ચ શિક્ષણ લેતા જાય છે, એવી આશા સાથે કે વધુ ભણીશું તો ‘સારી’ નોકરી મળશે. પણ, ઉચ્ચ શિક્ષણ એમની માનવમૂડીમાં કોઈ વધારો કરતું નથી અને રોજગારની તકોમાં સુધારો કરી શકતું નથી. અફસોસ એ છે કે ચૂંટણી ટાણે આ ગંભીર પરિસ્થિતિમાંથી બહાર નીકળવાના રસ્તા અંગે રાષ્ટ્રીય ચર્ચા થવી જોઈએ જ્યારે આપણી ચૂંટણી હિન્દુ-મુસ્લિમના નફરતી પ્રચારથી ઉપર ઊઠી શકતી નથી!

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# રોજગારીમાં વ્યાપક કોન્ટ્રાક્ટ સીસ્ટમ વિષે વિચારાય તો યુવાનોને રોજગારી મળે

**રાજ કાજ ગુજરાત**

**કાર્તિકેય ભટ્ટ**

“હવે કોઈ જાતે કશું કરતું નથી..કરી શકે તેમ પણ નથી.... કોન્ટ્રાકટ આપી દેવો એ જ બેસ્ટ” .....આપણા રોજિંદા જીવનમાં આ વાક્યો હવે સહજ છે. સારા નરસા પ્રસંગનો જમણવાર હોય કે ઘરનું ,મિલકતનું સમારકામ.આપણે ક્યાંય હવે, જાતે કામ કરવું અને માત્ર શ્રમ રોજીથી રાખવો એ જૂની પદ્ધતિથી કામ કરતાં નથી. શહેરી જીવન અને વધતી વ્યાવસાયિકતામાં હવે એવો સમય અને આવડત નથી કે લોકો બધું જ કામ જાતે કરે. હા, ખર્ચ ઘટે, રૂપિયા બચે એ ખબર હોવા છતાં આ જવાબદારી, વ્યવસ્થાપન કોઈ જાતે કરવા માંગતું નથી. ગ્રામીણ વિસ્તારોમાં હજુ ક્યાંક ક્યાંક ખાસ તો નબળાં આર્થિક પરિવારોમાં જાતે જ કામ કરી લેવાની વૃત્તિ અને પ્રવૃત્તિ દેખાય છે. પણ શહેરી મધ્યમ વર્ગમાં તો વિશિષ્ટીકરણ અને શ્રમવિભાજન છેક ઘરના પ્રસંગ સુધી પહોંચી ગયું છે અને વધતા વ્યાવસાયિક વિસ્તારે બધી જ બાબતોના કોન્ટ્રાકટ લેનારાં પણ મળી જાય છે. બર્થ ડે પાર્ટીના આયોજનથી માંડી બેસણાં સુધી બધાનો કોન્ટ્રાકટ આપી પણ શકાય અને લેનારાં પણ છે.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન થાય ત્યારે રોજગારીને અસર કરનારી આ વ્યવસ્થા માટે વિચારાય છે કે જ્ઞાતિ જાતિના વિવાદો પર વિચારાય છે તે જોવાનું રહ્યું. આજે રાજકીય મંચ પર પક્ષ અને વિપક્ષ માટે કોન્ટ્રાકટ સીસ્ટમ ભારે વિવાદ અને ચર્ચાનો વિષય બની છે, પણ સામાન્ય પ્રજાજનો પણ આ ચર્ચામાં બે ભાગમાં વહેંચાયા છે ત્યારે આ આખી જ બાબતને ઊંડાણપૂર્વક સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

સૌ પ્રથમ તો આ કોન્ટ્રાકટ સીસ્ટમ એટલે શું? આપણી તળપદી ગુજરાતીમાં આપણે જેને ઉચ્ચક કામ સોંપણી કહીએ છીએ તે આ કોન્ટ્રાકટ સીસ્ટમ છે.

ઘરે જમણવાર હોય ત્યારે બધું જ સીધુસામગ્રી જાતે લાવવું, રસોઈનાં સાધનો જાતે લાવવાં, રસોઈયાને માત્ર રાંધવા પૂરતો બોલાવવો,વાસણ સફાઈ કે મહેમાનોને પીરસવાની આખી જ પ્રક્રિયાઓ જાતે કે પરિવારજનો, મિત્રોથી પાર પાડવી તે આપણી જૂની પરમ્પરા.આ મુખ્ય વ્યવસાય ખેતી સંયુકત કુટુંબ વ્યવસ્થા ઓછી રોકડ આવક અને ગાઢ પરિવાર ભાવના સાથે પ્રસંગમાં સાદગી અને થોડી જ જરૂરિયાતો હોવાથી જૂના સમયમાં શક્ય બનતું.આપણી પાસે આ આખી જ પ્રક્રિયા જાતે જ કરવાનો સમય હતો. મકાન બનાવવા કે રીપેર કરવામાં પણ બધી જ સામગ્રી જાતે લઈ આપવી, નિર્ણય પણ જાતે જ લેવા માટે કારીગર અને શ્રમિકને રોજી ચૂકવવી, બાકી ખરીદીથી માંડી નિર્માણ સુધી બધામાં જાતે ધ્યાન રાખવું ..આ બધું જ હજુ હમણાં સુધી આપણી વડીલ પેઢી કરતી હતી. હવે ત્યાં પણ ઉચ્ચક કામ સોંપવાના દિવસો આવી ગયા. આવા તો અનેક પ્રસંગો, બાબતો, જ્યાં આપણે જાતે કામ કરતાં તે હવે આપણે કોન્ટ્રાકટ આપતા થઇ ગયા છીએ. આને કારણે જાહેર જીવનમાં સરકારી અને સામુહિક સેવામાં પણ કોન્ટ્રાકટ સીસ્ટમ આવી છે તે આપણને યોગ્ય લાગવા માંડી છે. હવે આ જાહેર જીવનમાં અને ખાસ તો સરકાર દ્વારા અપાતી કોન્ટ્રાકટ સીસ્ટમ સમજીએ.

2. પહેલાં સમાજવાદી સમાજરચનામાં બધું જ કામ સરકાર એટલે કે તંત્ર દ્વારા થતું. જાહેર સેવાઓ અને સામુહિક સેવાઓ સરકારી તંત્ર પૂરી પાડે. જેમાં મૂળભૂત પાયાની જરૂરિયાત હોય,આપણા રોજિંદા જીવનની જરૂરિયાત હોય જેમકે શિક્ષણ,આરોગ્ય ,વાહનવ્યવહાર ,સંદેશાવ્યવહાર.....આ બધાની વ્યવસ્થા જાળવણી અને કામ સરકાર અને તેના દ્વારા નિમાતા લોકો કરતા. જેમકે વાહન વ્યવહાર સરકાર ચલાવતી અને બસોની ખરીદી, તેની મરમ્મત કે તે માટેના ડ્રાઈવર સરકાર નિયુક્ત કરતી. આ માટે માપદંડો રહેતા. શિક્ષણમાં સરકાર શાળાનાં મકાન બાંધતી, શિક્ષકો નિયુક્ત કરતી અને શિક્ષણની આખી જ પ્રક્રિયા સરકારી નિયમો મુજબ સરકારનિયુક્ત લોકો કરતા. અહીં સરકારે જાહેર ટ્રસ્ટોનો પણ ઉપયોગ કર્યો એટલે મકાન બાંધવાનું કામ ટ્રસ્ટ કરે અને તેમાં શિક્ષકો ...કર્મચારીઓ સરકાર આપે.ગ્રાન્ટ પણ આપે. દવાખાના સરકાર ખોલે, દાકતર ,નર્સ સરકાર રોકે અને દવાથી માંડીને એમ્બ્યુલન્સ બધું જ સરકારના ખાતા દ્વારા થાય. જાહેર વાહન વ્યવહારમાં બસ સરકાર ખરીદે, ડેપો સરકાર તૈયાર કરે, ડ્રાઈવર કન્ડકટર સરકાર નોકરીએ રાખે, પણ હવે ત્યાં પણ કોન્ટ્રાકટ શરૂ થયા છે.આમ તમામ સામુહિક સેવાઓ, જાહેર સેવાઓ સરકાર દ્વારા ચાલતી, જેમાં પણ હવે કોન્ટ્રાકટ આવ્યા છે. આ કોન્ટ્રાકટ સીસ્ટમ ઘણાને સમજાતી નથી. સમજો, શરૂઆતમાં સરકાર કાયમી નોકરી આપવામાં કાયમી પગાર પેન્શનનો બોજો ઊભો થાય એટલે હંગામી ધોરણે ,અગિયાર માસના કોન્ટ્રાકટથી નોકરી આપતા થયા. આમાં એટલું સારું હતું કે સરકાર વ્યક્તિ સાથે સીધો કોન્ટ્રાકટ કરતી અને જે કહે તે પગાર વ્યક્તિને આપતી. પણ હવે આ સ્વરૂપ બદલાયું છે. હોસ્પિટલોમાં નર્સ , વાહનવ્યવહારમાં ડ્રાઈવર સીધા ભરતી કરવાના બદલે કોઈ એજસી સાથે કોન્ટ્રાકટ કરે છે એટલે સરકાર કોઈ એજન્સી સાથે કોન્ટ્રાકટ કરે કે તેણે માણસો મોકલવાના. સરકારને વ્યક્તિ સાથે કોઈ લેવા દેવા નહીં. સરકાર પગાર કમ્પની ને એજન્સીને ચૂકવે છે અને એજન્સી વ્યકતિને! અહીં સરકારને ખર્ચ ઘટતો નથી પણ વ્યક્તિનો પગાર ઘટે છે. દાખલા તરીકે બેન્કોના એટીએમમાં સુરક્ષા માટે રાખતા સિક્યુરીટી ગાર્ડ માટે બેંક એજન્સીને આઠ કલાકની પાળી માટે એક વ્યક્તિ દીઠ ૨૫૦૦૦ ચૂકવે છે એટલે ૨૪ કલાકના ત્રણ પાળી માટે ૭૫ હજાર એક એટીએમ સાચવવાનો ખર્ચ છે. પણ એજન્સી બાર બાર કલાકના ગાર્ડ આઠથી બાર હજારમાં રાખે છે. વધુમાં વધુ પંદર હજાર ગણો તો પણ બે ગાર્ડમાં ત્રીસ વપરાય એટલે ૪૫ હજાર એજન્સીને એક એટીએમ માટે મળે. જો એજન્સીને દસ એટીએમનો કોન્ટ્રાકટ મળે તો સાડા ચાર લાખ દર મહિને મળતા થઈ જાય.

શહેરી વાહનવ્યવહારમાં પણ કોન્ટ્રાકટ સીસ્ટમ સમજવા જેવી છે. આમ તો પહેલાં મ્યુનિસિપાલિટી બસ ખરીદતી, ડ્રાઈવર કન્ડકટર રાખતી. હવે મ્યુનિસિપાલિટી સીધો કોન્ટ્રાકટ કરે છે. એજન્સીએ બસ મોકલવાની. ડ્રાઈવર સાથે ઘણી જગ્યાએ મ્યુનિસિપાલિટી કન્ડકટર પોતાના મૂકે છે. સરકારી દરે મુસાફરી થાય, પણ એજન્સીને રોજના ૩૦૦ કિ.મી. લેખે પ્રતિ કી. મી. નક્કી થયેલા ભાવ મુજબ રૂપિયા ચૂકવાય. ટૂંકમાં પેસેન્જર આવે ના આવે, એજન્સીને રૂપિયા મળી જાય. કોઈ જોખમ જ નહિ. શહેરમાં ૧૦ થી ૩૦ બસ એક જ એજન્સીની હોય તો મહિને નક્કી કરેલી રકમ મળ્યા કરે.

હવે હોસ્પિટલોમાં નર્સ અને કમ્પાઉન્ડર એજન્સી મોકલે છે. મામલતદાર ઓફિસમાં મુખ્ય કર્મચારી સિવાય એજન્સીના માણસો કામ કરે છે. સરકારમાં બેઠેલા અધિકારીઓ અને નીચેના નેતાઓ કાર્યકરોને આ ફાવી ગયું છે. હવે સરકાર કાયમી રોજગાર ભરતી કરે તે આ કોઈને પોસાય એમ નથી.આ તરસ્યા વિસ્તારમાં ટેન્કર દ્વારા પાણી આપવા જેવું છે. ટેન્કરવાળા જ ઈચ્છે કે આ વિસ્તારમાં પાણી ના આવે તો આપણો ધંધો ચાલે. મોટી સંખ્યામાં સત્તામાં હોય તે પાર્ટીમાં જોડાવ તો આવી એક બે એજંસી હાથમાં આવી જાય.આમાં વિચારધારાનો પ્રશ્ન જ નથી.રાજકીય પક્ષોને પણ આ કોન્ટ્રાકટ સીસ્ટમની દુકાન માટે જગ્યા છે. દુકાન બંધ કરવાનો ઈરાદાઓ કોઈનો નથી.

3. તો સામાન્ય નાગરિક તરીકે આ સમજવાની જરૂર છે કે આજના આપણા રોજિંદા જીવનમાં જે કોન્ટ્રાકટ અપાય છે તે સમયનો બચાવ કરે છે,ઘરનાં સભ્યો ખાસ તો સ્ત્રી સભ્યોને પ્રસંગ માણવા મુક્તિ આપે છે અને આપણા રોજિંદા કામ અટક્યા વગર,નોકરી ધંધામાં રજા પાડ્યા વગર આપણે મકાન રીપેર કે ભોજન સમારંભ કરી શકીએ છીએ, પણ સરકારના જાહેર સેવા ક્ષેત્રમાં કોન્ટ્રાકટ એ રોજગારીના શોષણ અને મફતની નફાખોરી છે.

અત્યારે વ્યાપક બેરોજગારીને કારણે અનેક યુવાનો આ કોન્ટ્રાકટ સીસ્ટમમાં રોજગાર મળે તો પણ લેવા તૈયાર છે. પણ તેમના ભવિષ્ય અંધકારમય છે. સ્થાપિત હિતો અને ભ્રષ્ટ અધિકારીઓ, ઉચ્ચ નેતાગીરીને આ વાત સમજવા દેતા નથી. વળી, ઘણા નેતાઓ પોતે જ એજન્સી ચલાવે છે. ચાલીસ કે પીસ્તાલીસ વટાવી ચૂકેલાને આ એજન્સી નોકરી આપતી નથી. આ લાખો રોજગારને પેન્શન મળવાનું નથી. અત્યારે પૂરતો પગાર મળતો નથી એટલે બચત પણ નથી. એજન્સી મેળવનારા કોઈ લાયકાત સંઘર્ષ વગર લાખો કરોડો કમાયા કરે છે. આમાં જવાબદારી કે જોખમ કશું જ ઉઠાવ્યા વગર માત્ર નેતાઓની હા જી હા કે સગપણ એક જ લાયકાતને કારણે આવક થાય છે. કોરોના કાળમાં આપણી સારવારમાં દોડાદોડ કરનારા ,સંજીવની વાનમાં ઘેર ઘેર ફરનારા કે ઘરે ઘરેથી કચરો ઉઠાવનારા માત્ર કોન્ટ્રાકટમાં યુવાનો છે. માત્ર આવનારાં વર્ષોમાં સરકારને માથે પેન્શનનો બોજો ના આવે તેવા એક માત્ર ભ્રામક લાભથી આ સિસ્ટમને ચલાવાઈ રહી છે. બાકી વર્તમાનમાં સરકાર ખર્ચ તો વધારે જ કરે છે, જે મળે છે માત્ર એજન્સીને.

છેલ્લે એક વાત સમજવા જેવી છે તે એ કે ખાનગીકરણ અને રોજગારીનો કોન્ટ્રાકટ એ બન્ને વાત જુદી છે. બસ સેવાથી માંડીને હોસ્પિટલ કે સ્કૂલ સુધી જો તમામ ખર્ચ વ્યક્તિ ભોગવે, નફા ખોટનું જોખમ ઉઠાવે અને કાયદા પૂરા પાળે તો તે ખાનગીકરણ છે. પણ વ્યવસ્થા બધી સરકારી ખર્ચે ઊભી થાય, રોજગારીના પગાર એજસીને ચૂકવાય અને નફો માત્ર કમ્પની લઇ જાય તે છે કોન્ટ્રાકટ સીસ્ટમ !જે કાયદેસરની વ્યવસ્થા દ્વારા સરકારી તિજોરીમાંથી રૂપિયા ઘરભેગા કરવાની વ્યવસ્થા છે.વળી બિચારી પ્રજા અને અર્ધ જ્ઞાની લોકો દ્વારા તરફેણ થતી હોય ત્યારે એ ચાલક નેતાઓ મૌન પાળે તે જ મજા છે.

એટલે જ એક વિચાર આવે કે જો કોન્ટ્રાકટ સીસ્ટમ આટલી જ સારી છે તો, આપી દો દેશની સુરક્ષાનો કોન્ટ્રાકટ.ચૂંટણીઓનો ખર્ચ બચાવી લો, આપી દો દેશ ચલાવવાનો કોન્ટ્રાકટ.સારા લોકોને કામ કરવા દો, તમે શું લેવા આવી જાવ છો ભાષણો આપવા....લોકશાહીનો પણ કોન્ટ્રાકટ આપો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

## ચર્ચાપત્ર

### સહકારી બેન્કોને ફંડ માટેના વિકલ્પો આપો!

કો.ઓપરેટીવ બેન્કોને છેલ્લા ઘણા સમયથી એક સમસ્યા સતાવી રહી છે કારણ કે વ્યાજદર ઓછો હોવાને પરીણામે એક અભ્યાસ અનુસાર ઘણા સમયથી બેન્કોમાં ડીપોઝીટ તેમજ બચત ખાતામાં રાખવામાં આવતા ખાતેદારોના ભંડોળમાં નિરંતર ઘટાડો થઈ રહ્યો છે. ખાતેદારો બેન્કમાં ડીપોઝીટ મુકવાની જગ્યાએ શેર તેમજ મ્યુચ્લફંડમાં રોકાણ કરવા વધારે ઇચ્છુક છે. આ સમસ્યાના નિવારણ હેતુથી જ્યાં આર.બી. આઈ. કો.ઓપરેટીવ બેન્કોને પ્રેફરન્સ શેર, ડિબેન્ચર અને બોન્ડ મારફતે ફંડ એકત્રિત કરી શકે એ માટે મંજૂરી આપવાનું ગંભીરતાથી વિચારી રહી છે. જે વર્તમાન સમય સંજોગો અનુસાર જરૂરી પણ છે જેથી પ્રાઈવેટ બેન્ો સાથે કો.ઓપરેટીવ બેન્કો પણ હરીફાઈમાં બજારમાં ટકી રહે અને આર્થિક ક્ષેત્રે પણ વધુ મજબુત થઈ શકે અને ખાતેદારોનો વિશ્વાસ જાળવી શકે એ મહત્ત્વનું છે.

**સુરત - રાજુ રાવલ**

### 10 કે 50 હજાર જમા કરાવો તોજ બેંક ખાતુ ખોલશે?

આરબીઆઇ દ્વારા તા.1 મે (ગુજરાત દિન)થી બેંકોના ચાર્જીસ અને નિયમોમાં ઘરખમ ફેરફાર જાહેર કર્યા છે. જેમાં બચત ખાતામાં 10 થી 50 હજાર જમા કરાવાથી બેંકમાં નવુ ખાતુ ખલી શકશે નો સ્વાનૂભવ થયો. બેંક સીધા 50 હજાર મૂકવાની જ વાત કરી સેવિંગ્સ ખાતાનું એકાઉન્ટ ખૂલે જણાવે છે. આપણા નરેન્દ્રભાઈ મોદીજી એ જનધન યોજના હેઠળ વગર બેલેન્સે લાખો ખાતા બેંકમાં ખોલાવી આપ્યા તેનો બદલો આરબીઆઇ હવે વાળે છે ?! જયાં હજાર બે હજાર રાખવાની વાત હતી ત્યાં 50 હજાર સેવિંગ્સ ખાતામાં રાખવા માટેની વાત બેંક કેમ કરે છે ? ગ્રાહક તેની પાસે 10 હજારની રકમ બેલેન્સ થાય તો તેની જરૂરીયાત ધ્યાને લઇ 5 થી 8 ટકાના વ્યાજ દરમાં એફડ મુકે છે. તે શા માટે સેવિંગ્સ ખાતામાં 10 હજાર રાખી 2-3 ટકાનું વ્યાજ લે ?! કરંટ એકાઉન્ટ એ ધંધાદારી એકાઉન્ટ હોય તેમાં આ અને આવા કાયદા ચલાવાય પણ સેવિંગ્સ એકાઉન્ટ હોલ્ડર માટે આરબીઆઇની આ નિતી સામાન્ય ખાતેદાર માટે આર્થિક સંકણામણ ઉભુ કરનાર છે. આરબીઆઇને પડકારનાર કોઇ ગ્રાહક સુરક્ષા સમિતી છે જ નહીં ? આની અસર સામાન્ય ખાતેદારના રસોડા સુધી અસરકર્તા છે. પાસબુકનો ચાર્જ નહીં લાગે પણ દરેક પાના માટે રૂ. 4 (ચાર)નો ચાર્જ ? આરબીઆઇ સેવિંગ્સ ખાતાના ગ્રાહકોના હિતનું પણ વિચારી ફેરવિચારણા કરે નહીં કે ફકત બેંકનું વિચારવાનું.

**સુરત - પરેશ ભાટિયા**

### નૌટંકી છોડો વરસાદી પાણી જમીનમા ઉતારો

ગુજરાતમિત્રમાં થોડા સમય પહેલા સુરતના અલગ અલગ વિસ્તારોમાં ભૂમિગત પાણીના તળ ઊંડા જતા રહ્યા અંગેનો વિસ્તૃત લેખ વાંચ્યો. સુરત શહેર ઉપર કુદરતની મહેર છે. ચોમાસામાં ભરપુર પાણી વરસે છે. પાંચ-સાત વર્ષ ચાલે એટલું પાણી દર વર્ષે દરીયામાં વહી જાય છે. આ અમુલ્ય પાણીને વહી જતું અટકાવી જમીનમાં ઉતારવું જરૂરી બને છે આ માટે જરૂરી આયોજન સુમપા દ્વારા થવું જોઇએ. સુરતની તમામ સોસાયટીઓ પાસે COPની ખુલ્લી જગ્યાઓ છે. SMC પાસે ગાર્ડનો અને ખુલ્લી જગ્યાઓ છે. જે શાળાઓ પાસે ખુલ્લા મેદાનો છે. આવી ખુલ્લી જગ્યાઓમાં જે તરફ ઢાળ હોય એ ખુણે SMC દ્વારા જમીનમાં પાણી ઉતારવા માટે એન્જીનિયરોની મદદ માર્ગદર્શન હેઠળ જમીનમાં પાઇપો ઉરી આપવાની વ્યવસ્થા કરવી જોઇએ. ખાનગી ખુલ્લી જગ્યાઓ વાળાને પણ આ માટે વેરામા અમૂક રાહતો આપી વોટર રીચાર્જ માટે પ્રોત્સાહન આપી શકાય. શહરમાં જે સોસાયટીઓ કે એપાર્ટમેન્ટોને મંજૂરી અપાય તેને વરસાદી પાણી રીચાર્જ કરવાની શરતે જ મંજૂરી આપો. જૂના બંધ પડેલા વાવ-કૂવા તળાવોમાં વરસાદી પાણી ઉતારો આપણે ત્યાં આયોજનના અભાવે હાલત ખરાબ થઈ છે બાકી ચોમાસામાં ભરપુર પાણી દરેક ઝોનમાં વરસે છે જરૂર છે સુદઢ આયોજનની.

**સુરત - જીતેન્દ્ર પાનવાલા**

### નહેરના કાંઠે દીવાલ બાંધો

ઉકાઈ અને કાકરાપાર બંધનું નિર્માણ થતાં તાપી, નવસારી અને વલસાડ જિલ્લાના અનેક ગામોને નહેરનું પાણી પ્રાપ્ત થયું. પરિણામે છેલ્લા કેટલાક દાયકાઓથી ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે. નાની-મોટી નહેરોમાં ધસમસમતા પાણીનો પ્રવાહ જોઇ હ્દય આનંદ સહ સંતોષ અનુભવે છે. પરંતુ છેલ્લા કેટલાંક વર્ષોમાં નહેર કાંઠેના સાંકડાં રસ્તા પરથી વાહનો નહેરમાં ખાબકતા સેંકડો નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યાં છે! તાજેતરમાં વ્યારા વિસ્તારની એક મહિલા પોતાની ત્રણ વર્ષની દીકરી સાથે ટુવ્હીલર સ્લીપ થતાં નહેરમાં પડી. પરિણામે માતા-પુત્રીનું દુઃખદ અવસાન થયું. તો ઓલપાડ વિસ્તારમાં એક દંપતી પોતાના ત્રણ વર્ષના દીકરા સાથે બાઇક પર મુસાફરી કરી રહ્યાં હતાં. અકસ્માતે બાઇક નહેરમાં ખાબકતા માતા-પિતા અને દીકરાએ પોતાનો જીવ ગુમાવ્યો! આમ માત્ર દશ દિવસના ટૂંકા ગાળામાં પાંચ લોકો નહેરમાં ખાબકતા અકાળે અવસાન પામ્યાં. નહેરના બન્ને કાંઠે જો ત્રણ-ચાર ફૂટ ઊંચી મજબૂત દીવાલ કે કોઇ આકરા બનાવવામાં આવે તો આવા અકસ્માતો ચોક્કસ ટાળી શકાય એમ છે. વિકાસને વેગ આપવા આપણાં દેશમાં બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન અને એક્સપ્રેસ હાઇવે નિર્માણનું કાર્ય તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. એ આનંદની વાત છે પરંતુ નાગરિકોની સલામતી માટેના કાર્યો પણ વિના વિલંબે થતા રહે એ જરૂરી છે. આશા રાખીએ કે તંત્ર નહેરના બન્ને કાંઠે દીવાલનું નિર્માણ કરી નિર્દોષ નાગરિકોને મોતના મુખમાં હોમાતા અટકાવે.

**સુરત - પ્રફુલ્લ એમ. રાઠોડ**

### જાતે જ સમજો ને પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો

આજના માનવીને વિશેષ પડકારનો પ્રશ્ન હોય તો તે પર્યાવરણના આરક્ષણનો ગ્લોબલ વોર્મિંગનો સતત ભય. પ્લાસ્ટિક પર્યાવરણ માટે હાનિકર્તા છે. પ્લાસ્ટિકની પ્રકૃતિ એવી છે જે વરસો સુધી પૃથ્વીની સપાટી પર એમનું એમ પડ્યું રહી ઝેરી ગેસો ઉત્પન્ન કરી પ્રદુષણની માત્રામાં સતત ઉમેરો કરતું રહે છે. એ કારણને લક્ષમાં લઈ વિશ્વના વિકસિત રાષ્ટ્રોમાં પ્લાસ્ટિકની થેલીઓનો જાહેર વપરાશ માટે પ્રતિબંધ જાહેર કર્યો છે. અત્યાર સુધી પ્લાસ્ટિકનો ઉપયોગ વ્યાપક થતો રહ્યો. પર્યાવરણની પરવાહ વિના જે વાસ્તવિક હકીકત સ્પષ્ટ છે. એ જ પ્રમાણે મોબાઈલ ફોનો, લેપટોપ, કોમ્પ્યુટરો, ટીવી જેવા આધુનિક ઈલેકટ્રોનિક ઉપકરણો પણ વપરાશમાં વધ્યા છે. જ્યારે આ વસ્તુઓ નકામી બને છે ત્યારે કચરામાં નાંખી દેવામાં આવે છે. ત્યારે તેમાંથી નિકળતા રેડિયેશનો પણ વરસો સુધી હવામાં પ્રસરીત રહે છે. નિકળતા કિરણો માનવજીવન માટે ભયંકર પ્રાણઘાતક ખતરા સમાન છે. જે પ્લાસ્ટિક કરતા પણ વધારે પર્યાવરણ માટે જોખમી છે. હવે પ્રશ્ન એ મહત્ત્વનો બને છે કે પ્લાસ્ટિકનો ઉપયોગ વરસો સુધી કર્યા બાદ હવે માનવીને ખ્યાલ આવ્યો કે પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવો હિતાવહ છે. તો વર્તમાન ઈલેકટ્રોનીક ઉપકરણો પણ પ્લાસ્ટિક કરતા વધારે નુકસાનકર્તા છે તો તેના પર પ્રતિબંધનો વિચાર ક્યારે આવશે? પર્યાવરણને સુરક્ષિત રાખવા માટે પ્લાસ્ટિક સાથે ઈલેક્ટ્રોનીક ઉપકરણોના કચરાનો કેવી રીતે અંકુશ રાખવો તે બાબતે હમણાથી જ સજાગ થવાની આવશ્યકતા છે. નહીં તો ગ્લોબલ વોર્મિંગની જે સમસ્યા હાલ છે તે વધુ કથળ શે. બગડશે. માટે તાકીદે અગ્રીમતાના ધોરણે પગલા લેવા જરૂરી છે.

**ભાણોન્દ્રા - હનિફ એ. પટેલ**